શહેરમાં ઝરમર ઝરમર.....



# આગામી પાંચ દિવસ રાજયમાં હળવા વરસાદી ઝાપટા વરસશે

ગાંધીનગર તા ૨૯

શહેરમાં છેલ્લા બે ચાર દિવસથી વાદળિયા વાતાવરણ વચ્ચે વરસાદ છાંટણા વરસાવી ભીંજારો કરી જાય છે. પરંતુ મેઘરાજા ધોધમાર વરસતા નથી. શ્રાવણના સરવરિયા પણ અદ્રશ્ય થઈ ગયા છે. વાદળિયા વાતાવરણની સાથે મચ્છરીયા વરસાદના લીધે નગરજનો બેચેની અનુભવી રહયા છે. જો કે હવામાન વિભાગના જણાંવ્યા મુજબ ગુજરાતમાં આગામી ૫ દિવસ જુદા જુદા વિસ્તારમાં હળવો ભારે વરસાદ થવાની સંભાવના છે.

**બે ત્રણ દિવસથી આકાશમાં વરસાદી વાદળો ગોરંભાયેલા રહે છે પણ વરસાદ વરસતો નથી**

ગાંધીનગરમાં હજુ સિઝનનો ૧૧ ઈંચ જેટલો જ વરસાદ થયો છે.જયારે છેલ્લા ઘણાં દિવસોથી વાદળિયા વાતાવરણ વચ્ચે વરસાદી માહોલ બને છે. પરંતુ મેઘરાજા મન મુકીને વરસતા નથી. આવા સંજોગોમાં ધોધમાર વરસાદ વરસે તેની આશ બાંધીને ખેડુતો રોજબરોજ આકાશ તરફ મીટ માંડે છે. છેલ્લા બે ત્રણ દિવસથી આકાશમાં ઘેરાવો નાંખતા વરસાદી વાદળો મન મુકીને વરસતા નથી. જયારે વાદળિયા વાતાવરણ વચ્ચે માત્ર છાંટણા વરસાવી મેઘરાજા અદ્રશ્ય થઈ જાય છે. બીજીતરફ મચ્છરો માટે આ વાતાવરણ ફેવરેબલ હોવાથી રોગચાળાનુ જોર પણ વધતુ જાય છે. વરસાદની ગેરહાજરી વચ્ચે સતત વાદળિયા વાતાવરણ વચ્ચે નગરજનો પણ બેચેની અનુભવી રહયા છે.જયારે મચ્છર જન્ય સ્થાનો પણ વધી રહયા છે. આજે મહત્તમ તાપમાન ૩૦ ડિગ્રી રહ્યુ હતુ. જયારે લઘુત્તમ તાપમાન ૨૫.૫ ડિગ્રી નોંધાયુ હતુ. જો કે હવામાન વિભાગના જણાંવ્યા મુજબ આગામી ૫ દિવસ રાજયમાં જુદા જુદા વિસ્તારમાં હળવો વરસાદ થશે.

# રેરા રજીસ્ટ્રેશનની ફાઈલો અટવાઈ

**રેરા રજીસ્ટ્રેશન નંબર મેળવવાનુ લોઢાના ચણાં ચાવવા સમાન કરોડોનો કારોબાર અટવાયો : સ્કીમોના લોન્ચીંગ અને માર્કેટીંગનુ કામ પણ ઠપ્પ : રેરા રજીસ્ટ્રેશન નંબર માટે ટેબલો પર ફરતી બિલ્ડરોની ફાઇલો ચાર મહીનાથી ફસાયેલી હાલતમાં : રેરા રજીસ્ટ્રેશન નંબર માટે બિલ્ડરોના આંટાફેરા ૧૫૦ ફાઇલોનો ઢગ : સરકારના નિયમ મુજબ ૩૦ દિવસની સમયમર્યાદામાં કામ થતુ નથી : બિલ્ડર લોબીને ગુંગળામણ**

ગાંધીનગર તા ૨૯

ગાંધીનગર સ્થિત રેરા કચેરીના આંટાફેરા મારી બિલ્ડરો ત્રાહીમામ પોકારી ગયા છે. કરોડોના ખર્ચે તૈયાર કરેલી નવી સ્કીમોના સંદર્ભે રેરા કચેરીમાં રજીસ્ટ્રેશન નંબર મેળવવા માટે મુકેલી ફાઈલો છેલ્લા ચાર મહીનાથી ધુળ ખાય છે. કચેરીમાં ૧૫૦ થી વધુ ફાઈલોનો ઢગ ખડકાયો હોવાનો આક્રોશ પણ ઠાલવવામાં આવી રહયો છે. તહેવારના દિવસો નજીકમાં છે ત્યારે રેરા રજીસ્ટ્રેશન નંબરના અભાવે બિલ્ડરો પોતાની નવી સ્કીમોનુ માર્કેટીંગ કે લોન્ચીંગ પણ કરી શકે તેવી હાલતમાં નથી. બિલ્ડરોએ ચાર મહીનાથી ઈનપુટ કરેલી ફાઈલોનો નિવેડો આવતો નથી.

રીયલ એસ્ટેટ રેગ્યુલેશન એકટ અન્વયે રેરાની કચેરીમાં રેરા રજીસ્ટ્રેશન માટે બિલ્ડરોએ કરેલી અરજીઓ છેલ્લા ચાર મહીનાથી ટલ્લે ચઢી છે. જેના પરિણામે બિલ્ડરો ગુંગળામણ અનુભવી રહયા છે. રેરાની કચેરીમાં ૧૫૦ થી પણ વધુ ફાઈલોનો ઢગ થયો છે પરંતુ રેરા રજીસ્ટ્રેશનની મંજુરી સહીતની કાર્યવાહીના નામે લાંબા સમયથી મીડુ હોવાથી બિલ્ડર લોબી તહેવારોના સમયે પોતાની સ્કીમ લોન્ચ કરી શકે તેવી સ્થિતિમાં ન હોવાથી આર્થિક નુકશાની વેઠવી પડે તેવી દહેશતથી પરેશાન છે. રેરા રજીસ્ટ્રેશનના અભાવે બિલ્ડરો કરોડોના ખર્ચે ઉભી કરેલી તેમની સ્કીમનુ માર્કેટીંગ પણ કરી શકતા નથી. રાજયના બિલ્ડરોની મોટી સંખ્યામાં અરજી રેરા કચેરીમાં લાંબા સમયથી કેદ છે. વિવિધ ટેબલો પર ફરતી ફાઈલોનો આખરી નિકાલ ન થતા કરોડોના રોકાણ બાદ બિલ્ડરોએ હાથ પર હાથ જોડીને બેસી રહેવાનો વારો આવ્યો છે. આગામી દિવસોમાં નવરાત્રી દિવાળી સહીતના તહેવારો આવતા હોવાથી આ પુર્વે બિલ્ડરો પોતાની સ્કીમનુ લોન્ચીંગ કરી માર્કેટીંગ પણ કરતા હોય છે. આવા સંજાગોમાં રેરા રજિસ્ટ્રેશનની કાર્યવાહી જ છેલ્લા ચાર મહીનાથી ઠપ્પ થઈ જતા બિલ્ડરોના વેપાર ધંધા પર માંઠી અસર થઈ હોવાનો આક્રોશ પણ પ્રબળ બન્યો છે. રેરાની કાર્યવાહીના અભાવે બિલ્ડરો પોતાની સ્કીમની જાહેરાત કે માર્કેટીંગ કરી શકતા નથી.બીજીતરફ રેરા કચેરીમાં કાર્યવાહીના અભાવ વચ્ચે ફાઈલોનો ઢગ ખડકાયો હોવાનો સુર પણ ઉઠવા પામ્યો છે. સરકારના નિયમ મુજબ રેરા માટે બિલ્ડરોએ ઈનપુટ કરેલી ફાઈલ સંદર્ભે ૩૦ દિવસના ટુંકા ગાળામાં જ કચેરી કક્ષોથી રજીસ્ટ્રેશન નંબર આપવાનો હોય છે. પરંતુ આ મામલે પણ કોઈ સમયમર્યાદા જળવાતી નથી. એટલુ જ નહીં પરંતુ મહીનાઓના અંતે પણ ટેબલો પર ધુળ ખાતી ફાઈલોનો નિકાલ આવતો નથી. આ સ્થિતિ વચ્ચે બિલ્ડર લોબી પણ ટુંકમાં લડાયક મિજાજ અપનાવે તો નવાઈ નહીં.

# માઉન્ટ કાર્મેલ સ્કૂલ સામે ઉગ્ર દેખાવો



**માઉન્ટ કાર્મેલમાં વિદ્યાર્થીઓની રાખી કાપવાના મામલે શાળા સંચાલકોએ માફી માંગી : બજરંગદળ, વિશ્વ હિન્દુ પરિષદ સહીતના કાર્યકર્તાઓએ ઉગ્ર સુત્રોચ્ચાર કરી વિરોધ પ્રદર્શિત કરતા શાળા સંચાલકોએ માફી માંગી રાખડી બંધાવી**

ગાંધીનગર તા ૨૯

સે-૨૧ માઉન્ટ કાર્મેલ શાળામાં વિદ્યાર્થીઓના હાથ પરથી રાખડી કાપી નાંખવાના મુદ્દે શિક્ષણમંત્રી સુધી મામલો પહોંચ્યા બાદ આજે બજરંગ દળ અને વિશ્વ હિન્દુ પરિષદના કાર્યકર્તાઓએ શાળાના પ્રવેશદ્વારા પાસે ઉગ્ર સુત્રોચ્ચાર કરી હોબાળો મચાવ્યો હતો. શાળાની તાનાશાહી સામે સુત્રો પોકારી શિક્ષિકાની આ હરકત સામે ઉગ્ર મિજાજથી વિરોધ પ્રદર્શિત કરાતા આખરે શાળા સંચાલકોએ આ મામલે માફી માંગી હાથ પર રાખડી બંધાવી હતી. જયારે આગામી વર્ષે રક્ષાબંધનના પર્વની ઉજવણી માઉન્ટ કાર્મેલ શાળામાં કરવાનો નિર્ણય પણ બજરંગ દળના કાર્યકરોએ વ્યકત કર્યો હતો.

સે-૨૧ સ્થિત માઉન્ટ કાર્મેલ શાળામાં ધો -૫ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના હાથ પર બાંધેલી રાખડીઓ પર કાતર ફેરવવાની શિક્ષિકાની હરકત સામે રોષે ભરાયેલા વાલી મંડળે ઉગ્ર વિરોધ વ્યકત કરી શિક્ષણમંત્રીને ફરિયાદ કરી હતી. જયારે ધર્મ અને સંસ્કૃતિ સાથે જોડાયેલા આ પર્વની ઉજવણી દરમિયાન શાળાની શિક્ષિકાની આ હરકતથી વાલીઓની ધાર્મિક લાગણી દુભાઈ હોવાનો રોષ પણ ઉઠવા પામ્યો હતો. જયારે આ મામલે આજે વિશ્વ હિન્દુ પરિષદ, અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ તેમજ બજરંગ દળના કાર્યકર્તાઓએ સવારે શાળાના પ્રવેશદ્વાર પાસે એકત્ર થઈ હોબાળો મચાવ્યો હતો. કાર્યકર્તાઓએ માઉન્ટ કાર્મેલ મુર્દાબાદ....

● અનુસંધાન પાન-૭ પર

# ગાંધીનગરના ભાટનું જીયો-ટેગીંગ કરાશે

**ઈ-ગર્વનન્સનું ક્રાંતીકારી અભિયાન : આ ગામની તમામ જમીની હકીકતો પર હવે કોમ્પ્યુટરની મદદથી તંત્ર નજર રાખશે**

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર તાલુકાના ભાટ ગામની તમામ બાબતો પર હવે તંત્ર જીયો-ટેગની મદદથી સીધી નજર રાખશે.

રાજ્યના મહેસુલ વિભાગ દ્વારા આ અંગે અમદાવાદ-ગાંધીનગરના બે ગામોની પસંદગી કરવામાં આવી છે. જેમાં ગાંધીનગરના ભાટનો સમાવેશ થાય છે.

ઈ.ગર્વનન્સની નીતિના ભાગરૂપે રાજ્યના મહેસુલ વિભાગે આ નિર્ણય કર્યો છે. મળતી વિગતો મુજબ મહેસુલ વિભાગના અગ્ર સચિવ અને ગાંધીનગર-અમદાવાદ કલેક્ટર સાથે આ બાબતે બેઠકોનો સિલસિલો પુરો થઈ ગયો છે.

● અનુસંધાન પાન-૭ પર

# ગુડાના ચેરમેન પદે મનપાના કમિશ્નરની નિમણુંકનો નિર્ણય

ગાંધીનગર તા ૨૯

રાજયના આઠ મહાનગરોમાં શહેરી વિકાસ સત્તા મંડળના ચેરમેન પદે સંબંધિત મહાનગરપાલિકાના કમિશ્નરોને નિમણુંક આપવાની જાહેરાતના પગલે રાજકીય નિમણુંક માટે મીટ માંડી બેઠેલા નેતાઓના અરમાનો પર પાણી ફરી વળ્યુ છે. ગાંધીનગરમાં પણ ગુડાના ચેરમેન પદની ખુરશી ખાલી થયા બાદ સ્થાનિક નેતાઓનો ડોળો આ દિશામાં મંડરાયો હતો. જયારે ચેરમેન પદ હાંસલ કરવા માટે સ્થાનિક કક્ષાએ મોટાભાગના નેતાઓ પ્રબળ દાવેદારી કરી છાનાખુણે લાંબા સમયથી લોબિંગ કરતા હોવાનુ પણ રાજકીય વર્તુળમાં ચર્ચાસ્થાને હતુ. પરંતુ સરકારની આ જાહેરાતના અંતે હરોળમાં ઉભેલા નેતાઓના નામોની અટકળોનો પણ અંત આવી ગયો છે.

**રાજકીય અટકળોના અંત સાથે સ્થાનિક નેતાઓના અરમાન પર પાણી ફરી વળ્યુ**

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ રાજયના આઠ મહાનગરોમાં શેહરી વિકાસ સત્તા મંડળના અધ્યક્ષ તરીકે સંબંધિત મહાનગરોના કમિશ્નરોને નિમણુંક આપવાનો નિર્ણય લેવાયો છે. જયારે આ નિર્ણય અનુસાર હવેથી અમદાવાદ, વડોદરા સુરત, રાજકોટ, જામનગર, ભાવનગર, જુનાગઢ અને ગાંધીનગરમાં પણ શહેરી વિકાસ સત્તા મંડળના અધ્યક્ષ તરીકે મહાનગરપાલિકાના કમિશ્નરને નિમણુંક આપવામાં આવી છે.

સરકારની આ જાહેરાતના અંતે રાજકીય નિમણુંકની અટકળો નો અંત આવી ગયો છે. બીજીતરફ શહેરી વિકાસ સત્તા મંડળમાં ચેરમેન પદ માટે થનગરના નેતાઓના સ્વપ્ન રોળાઈ ગયા છે.ગાંધીનગર શેહરી વિકાસ સત્તા મંડળના ચેરમેન પદ માટે પણ દાવેદારોની યાદી મોટી હતી.

જયારે છેલ્લા ઘણાં સમયથી ચેરમેન પદ હાંસલ કરવા માટે સ્થાનિક નેતાઓ છાના ખુંણે લોબિંગ કરી રહયા હોવાનુ પણ રાજકીય વર્તુળમાં ચર્ચાનો વિષય બન્યો હતો. ગુડાના પુર્વ ચેરમેન પદેથી આશિષ દવેની મુદત્ત પુર્ણ થયા બાદ ચેરમેન પદની ખુરશી પર

● અનુસંધાન પાન-૭ પર

## દબાણ હટાવવાની કામગીરીમાં સંવેદનશીલતા પણ દાખવવી જરૂરી : કલેક્ટર

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર શહેરમાં દબાણ હટાવવાની ઝુંબેશને સંવેદનશીલતા સાથે આગળ ધપાવવાની ખાસ સૂચના આજે જિલ્લા કલેક્ટર લાંગાએ આપી છે. તેમણે જણાવ્યુ છે કે દબાણ તોડવાની સાથે તેમના આવાસને કે ગેસ કનેકશન કાપવુ, ઈલેકટ્રીકસીટી કનેકશનને નુકશાન ના થાય તે જોવુ જરૂરી છે. તંત્ર માત્રને માત્ર ગેરકાયદે બાંધકામ જે કરાયા હોય તે દૂર કરે તેમજ ટ્રાફિકને અડચણ થતા હોય તે દબાણ દૂર કરે તે જરૂરી છે.

હાલ કમિશ્નર તરીકેનો ચાર્જ સંભાળતા કલેકટરે સીલીંગની બાબતમાં પણ સરકારની સૂચનાઓને ધ્યાને રાખી આગળ વધવામાં આવે તેવી પણ તાકીદ કરી છે.

# દબાણ હટાવવાની કામગીરીમાં ખુટતા સાધનો તાત્કાલિક ખરીદાશે

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર શહેરમાં દબાણ હટાવવાની ચાલી રહેલી હાલની કામગીરીમાં ખુટતા સાધનોની તાત્કાલિક ખરીદી કરવાનો નિર્ણય આજે મળેલ સ્થાયી સમિતિની બેઠકે કર્યો છે.

આજે મનપા ખાતે મળેલી સ્થાયી સમિતિની બેઠકમાં દબાણ હટાવવાની કામગીરી પક્ષપાત વિના આગળ ધપાવવા માટેના સંકેતો પણ આપવામાં આવ્યા હતા તેમજ હાલ ચાલી રહેલી કામગીરી અંગે સંતોષની લાગણી વ્યક્ત થઈ હતી.

સ્થાયી સમિતિએ આજે હાઈડ્રોલિક ટ્રોલી વિલંબથી આપવા બદલ એજન્સીને રૂ. ૫૫૦૦નો દંડ કરવાનો નિર્ણય કર્યો છે. આ ઉપરાંત સ્થાયી સમિતિએ વૃક્ષોના ટ્રીમીંગ માટે એક ટ્રીમીંગ મશીન પણ ૧૬ લાખથી વધુની કિંમતની ખરીદી તેમજ સિક્યોરીટી એજન્સીનો કોન્ટ્રાક્ટની મુદત લંબાવવાનો પણ નિર્ણય લીધેલ છે.


કૃમિથી મુક્તિ, બાળકોને શક્તિ

૧૦ ઓગષ્ટ ૨૦૧૮- રાષ્ટ્રીય કૃમિનાશક દિવસ

૩૦ ઓગષ્ટ ૨૦૧૮- મોપ અપ દિવસ

શું આપ જાણો છો કે કૃમિ સંક્રમણથી બાળકોમાં

- કુપોષણ અને લોહીની ઉણપ થાય છે જેનાથી હંમેશા થાક રહ્યા કરે છે.
- સંપૂર્ણ શારીરીક અને માનસિક વિકાસમાં અડચણ આવે છે.

કૃમિના ચેપને અટકાવવો સહેલો છે.

૧-૧૯ વર્ષનાં તમામ બાળકોને બધી શાળા અને આંગણવાડીમાં નિઃશુલ્ક કૃમિ નિયંત્રણની (ચાવવાની) ગોળી ખવડાવવામાં આવશે શાળાએ ન જતા અને આંગણવાડી ખાતે નોધાયેલ ન હોય તેવા બાળકોને પણ દવા આંગણવાડીમાં ખવડાવીશું.

જે બાળકો બાકી રહી ગયા હોય તેમને ૧૮ ઓગષ્ટના રોજ જરૂર ખવડાવીએ આ ગોળી ખુબ જ સુરક્ષીત છે.

જિલ્લા આરોગ્ય તંત્ર, જિલ્લા પંચાયત, ગાંધીનગર




**બેસણું**

અમારા પિતાશ્રી હસમુખભાઈ સોમભાઈ પટેલ (લવારપુરવાળા)નું દુઃખદ અવસાન તા. ૨૯/૦૮/૨૦૧૮ના રોજ થયેલ છે. સદ્‌ગતનું બેસણું તા. ૩૦/૦૮/૨૦૧૮ને ગુરૂવારના રોજ સવારે ૮.૦૦ થી ૧૧.૦૦ કલાકે નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ : ઉમિયા માતાજી મંદિર હોલ, બલરામભવન પાસે, સેક્ટર-૧૨, ગાંધીનગર

લિ.

સફલ હસમુખભાઈ પટેલ
કૌશલ હસમુખભાઈ પટેલ
બિપીનભાઈ પરષોત્તમદાસ પટેલ
ભરતભાઈ કનુભાઈ પટેલ
બાલકૃષ્ણભાઈ ગોવિંદભાઈ પટેલ
નટવરભાઈ લાલભાઈ પટેલ
જયંતિભાઈ લાલભાઈ પટેલ
તથા સમસ્ત પરિવાર

પિયરપક્ષનું બેસણું ઉપરોક્ત સ્થળે અને સમયે રાખેલ છે. લિ. રામદાસ જીવીદાસ પટેલ (જાખોરા)


**જોઈએ છે**

સેવાનિકેતન કુમાર છાત્રાલય બાડમાં ગૃહપતિની ભરતી માટે મળેલ NOC : ના.નિ./ અજાક/ ગ્રાઈએ/ ૨૦૧૮/ ૧૬૫૧ તા. ૪-૬-૨૦૧૮ મુજબ

ગૃહપતિ : ૦૧ : અનુ.જાતિ - ફુલટાઈમ
- HSC, P.T.C., B.A.
પગાર સરકારશ્રીના ધારાધોરણ મુજબ

જાહેરાત પ્રસિદ્ધિથી દિન-૭માં અનુભવ તથા લાયકાતનાં પ્રમાણપત્રોની નકલ સાથે અરજી કરવી.

પ્રમુખ
બાયડ પીપલ્સ એજ્યુકેશન સોસાયટી,
૧૮, ઉમિયાનગર સોસાયટી, મુ.પા. બાયડ,
જી. અરવલ્લી - ૩૮૩૩૨૫

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
BENELAVE™
DR. FIXIT®
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com